હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સ્કુલના બાળકોને મારવા પર પ્રતિબંધ અને ....
મોટા થાય પછી... ભર બજારે મારવાની છૂટ...!!

ગાંધીનગર જીઈબી કચેરી ખાતે સાતમા પગારપંચ મુદ્દે કર્મચારીઓ દ્વારા સૂત્રોચ્ચાર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર નજીક આવેલ જીઈબી થર્મલ પાવર સ્ટેશન ખાતે ફરજ બજાવતા ૪૫૦ થી વધુ કર્મચારીઓએ આજે ૭માં પગારપંચ મુદ્દે સુત્રોચ્ચાર કર્યા હતા. છેલ્લા ઘણા વર્ષોથી પગારપંચનો લાભ ન મળતા કર્મચારીઓ અકળાયા છે. છેલ્લા ઘણા સમયથી પગાર વધારા અંગે હકારાત્મક વલણ સરકાર ન દાખવતા હવે જીઈબીના કર્મચારીઓ આક્રમક મુડ અપનાવ્યો છે. શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આગામી તા.૨૦મી ફેબુઆરીને સોમવારના રોજ ધરણા યોજીને દેખાવો કરશે. આ કાર્યક્રમમાં રાજયભરમાં જીઈબી કચેરી ખાતે ફરજ બજાવતા કર્મચારી ભાઈ-બહેનો હાજર રહેશે.

રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકાર સામે કર્મચારીઓએ પગાર વધારા અંગે રીતસરનો મોરચો ખોલ્યો હોય તેવું લાગી રહ્યું છે. સરકારના બોર્ડ-નિગમો અને જાહેર સાહસોના કર્મચારીઓ પગાર વધારા મુદ્દે લડત ચલાવી રહ્યા છે તેમના પ્રશ્નનો હલ આવ્યો નથી. ત્યાં ફિકસ વેતનને પગલે અન્ય કર્મચારીઓ માં પણ રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે રાજયભરમાં જીઈબી ખાતે ફરજ બજાવતા ૩૨ હજારથી વધુ કર્મચારીઓને છેલ્લા ઘણા સમયથી સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો નથી. કર્મચારીઓની પગાર સહિતની અનેક માંગણીઓ વર્ષોથી પડતર હોવા છતા સરકારી દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે ગાંધીનગર નજીક આવેલ જીઈબી કચેરી ખાતે ફરજ બજાવતા ૪૫૦ થી વધુ કર્મચારીઓએ કચેરી ખાતે ધરણા યોજીને સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે સરકરા દ્વારા હકારાત્મક અભિગમ નહીં અપનાવતા આગામી તા.૨૦ ફેબુઆરીના રોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી હજજારો કર્મચારીઓ ઉમટી પડશે અને રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર આપી પગાર વધારા અંગે ઉગ્ર રજુઆત કરવામાં આવશે. તેમ કર્મચારીઓએ જણાવ્યું હતું.

દબાણ મુક્ત ગાંધીનગર : સ્માર્ટ સિટી બનવા તરફ આગળ વધતું ગાંધીનગર દબાણ મુક્ત બની રહ્યું છે. છેલ્લા કેટલાય વખતથી તંત્રના ઘનિષ્ઠ પ્રયાસોના પગલે દબાણ હટતું જાય છે. શનિવારે કલેક્ટર ઓફિસ સંકુલની આસપાસનું દબાણ હટાવવા તંત્રએ ભારે જહેમત ઉઠાવી હતી.

આજે વાવોલ ખાતે સાંધાના દુખાવાનો કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

જે.સી.આઈ. ગાંધીનગર અને દેવર્ષિ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના સંયુકત ઉપક્રમે સાંધાના દુખાવા અને હાડકાના કેલ્શિયમને લગતી બિમારીથી પિડાતા દર્દીઓ માટે વાવોલ ખાતે આગામી તા.૧૮ ફેબ્રુઆરીને શનિવારના રોજ સવારે ૮ થી ૨ દરમિયાન નિશુલ્ક કેમ્પ દેવર્ષિ હોસ્પિટલ, સન કોમ્પ્લેકસ, ભુમિપાર્ક સોસાયટી પાસે આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં તબિબિ સેવા ઓર્થોપેડિકના નિષ્ણાંત તબિબ ડો. બિમલ મોદી અને ડો. ભાવિશા પંચાલ હાજર રહેશે. શહેરના નાગરીકો, પરિવારના મિત્રો તેમજ સ્નેહીજનોને આ નિશુલ્ક કેમ્પનો લાભ લેવા જેસીઆઈ ગાંધીનગર અને દેવર્ષિ હોસ્પિટલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરના માર્ગો પર અકસ્માતના બનાવો વધી જવા પામ્યા છે. બેફામ ગતિએ વાહનો હંકારતા વાહન માલિકો ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરી રહ્યા છે. શહેરના માર્ગો પર રોકેટ ગતિએ વાહનો દોડાવતા અકસ્મતોની સંખ્યામાં વધારો નોંધાયો છે.ત્યારે આજે શહેરના જ માર્ગ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં વાહનને નુકશાન પહોચ્યું હતું જો કે ટુ-વ્હીલર ચાલકને સામાન્ય ઈજા થવા પામી હતી. ત્યારે કાર ચલાવી રહેલી મહિલા કોઈ ઉચ્ચ અધિકારીની પત્ની હોવાનું સ્થાનિકોમાં ચર્ચાતું હતું.

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા ડાયાબીટીસ અને સાંધાના દુ:ખાવાનો કેમ્પ યોજાશે

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર, શિવાશ્રમ દંતાલી દ્વારા કુદરતી સ્વાસ્થ્ય મંદિર દંતાલી અડાલજ ખાતે ૨૦ થી ૨૪ ફેબ્રુઆરી સુધી ડાયાબિટીસ, સાંધાના દર્દ માટેનો કેમ્પ યોજાશે. લાભાર્થીઓએ રજીસ્ટ્રેશન માટે શિવાશ્રમ આશ્રમ દંતાલી, નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના પ્રમુખનો મો.૯૮૨૫૩૨૬૪૪૪ સંપર્ક કરવો.

સે. ૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્ર ખાતે શ્રી માતાજીના ૧૪૦માં જન્મ દિવસ નિમિત્તે તા. ૨૧ ફેબ્રુઆરીને મંગળવારના રોજ ધ્યાન તેમજ માતૃવંદના હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૯.૩૦ કલાકે ધ્યાન, પ્રાર્થના તેમજ વાંચનનો કાર્યક્રમ જ્યારે સાંજે ૫.૪૫ કલાકે સાંસ્કૃતિક વર્ગોના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય તથા સંગીતની પ્રસ્તુતીનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં શહેરના નાગરીકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના ચેરમેન સી.કે. તન્નાએ અનુરોધ કર્યો છે.

કલોલના જાસપુર ગામે ગ્રાહક ભંડારની મુલાકાતે નિવૃત્ત સચિવ

ગાંધીનગર, તા. ૧૭

વિમુદ્રીકરણ બાદ અન્ન નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ઈ-પેમેન્ટ તથા કેશલેસ વ્યવહારો થઈ શકે તે માટે તાત્કાલિક યોગ્ય પગલા લેવામાં આવ્યા છે. વિભાગ દ્વારા આથી પણ આગળ વધી આધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ આધારિત ચુકવણી વ્યવસ્થા અમલી બનાવવામાં આવી છે. આધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ પ્રત્યેક્ષ નિહાળવવા માટે કેન્દ્ર સરકારના નિવૃત્ત સચિવ એલ. માનસીંગ, નિવૃત્ત સચિવ અનુરધા માનસીંગ અને નવી દિલ્હીના પી.એસ.એમ. ઈન્ડિયા ઈન્સીટીવ અને ફાઉન્ડર કન્ઝુર્મસ ઓન લાઈન, નવી દિલ્હીના ડાયરેકટર બોઝોન મિશ્રાએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના જાસપુર ગામના મોર્ડન દિન દયાલ ગ્રાહક ભંડાકની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન મોર્ડન દિન દયાલ ગ્રાહક ભંડારના સંચાલક અમરતભાઈ આર. પ્રજાપતિએ આધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમનું મહાનુભાવોની રૂબરૂમાં નિદર્શન કર્યુ હતુ. તેમજ તેમના દ્વારા આપવામાં આવતી અન્ય વિવિધ સેવાઓની જાણકારી આપી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના પુરવઠા અધિકારી નિશાબેન શર્મા સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાર્થના સભા : પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચિમનભાઈ પટેલની ૨૩મી પૂણ્યતિથિએ ગાંધીનગરના નર્મદા ઘાટ ખાતે પ્રાર્થના યોજાઈ હતી. શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ સહિત કોંગ્રેસી આગેવાનો અને તેમના સાથીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.